શ્યામાએ આંખો ખોલી. ડૉક્ટર્સ રૂમના આછા બ્લ્યૂ રંગના પ્રકાશમાં ધોળી દીવાલો પણ ભૂરી દેખાતી હતી. આખા રૂમ ઉપર જાણે ભૂરા રંગની ચાદર ઢાંકી દીધી હોય એમ ફર્નિચર, વસ્તુઓ, કાર્પેટ, ફર્શ બધું જ બ્લ્યૂ રંગનું દેખાતું હતું. શ્યામાએ ટેબલ પર પડેલા મોબાઇલને હાથમાં લઈને સમય જોયો, બે ને દસ... એ.એમ.

હૉસ્પિટલની કાચની મોટી બારીઓ પર લગાવેલી ફિલ્મને કારણે બહારનો પ્રકાશ ભીતર આવતો નહીં. સતત એક ભયજનક શાંતિ અને ધીમી ચહલપહલનું વાતાવરણ રાત-દિવસનો ફરક ભુલાવી દેતાં. આઇસીયુની બહાર ચોવીસ કલાક જુદા જુદા ચહેરા પર એકસરખો ભાવ ધરાવતા થોડા લોકો સતત બેસી રહેતા... શ્યામા આવા જ વાતાવરણમાં વર્ષોથી કામ કરતી હતી. એને માટે હૉસ્પિટલ જ એનું કાયમી સરનામું હતું. કાર્ડિયો-પલ્મેનૉલૉજીનો વિષય લેવાનું નક્કી કર્યું એ દિવસે જ એના પિતા ડૉ. ભાસ્કર મજુમદારે એને કહ્યું હતું, “અંગત જિંદગી જેવું કશું નહીં રહે. દિવસ-રાત, સારા-નરસા પ્રસંગો, પરિવાર અને મિત્રો બધું ભૂલી જવાની તૈયારી હોય તો જ આ ફૉર્મ પર સહી કરજે.”

શ્યામાએ ખૂબ વિચાર્યા પછી એ ફૉર્મ પર સહી કરી હતી, પણ સાચું પૂછો તો એક વાર મેડિકલ કૉલેજનાં પગથિયાં ચઢ્યાં પછી એને ક્યારેય, એક પળ માટે પણ ‘ડૉક્ટર’ હોવાનો અફસોસ નહોતો થયો.

ડૉ. શ્યામા છેલ્લા ત્રણ દિવસથી ઘેર નહોતી ગઈ. જોકે, આવું પહેલી વાર નહોતું થયું. અવારનવાર એકાદ રાત કે વધુ રોકાઈ જવાનું બનતું. ક્રિટિકલ પેશન્ટને જરૂર હોય ત્યારે શ્યામા ઘેર જવાને બદલે અહીં, હૉસ્પિટલમાંથી મળેલા પોતાના રૂમમાં જ રાત વિતાવી દેવાનું પસંદ કરતી. એનું ઘર હૉસ્પિટલથી ઘણું દૂર હતું. કદાચ, ક્રિટિકલ પેશન્ટને જરૂર પડે તો ડ્રાઇવ કરીને અહીં આવતાં મુંબઈ શહેરના ટ્રાફિકમાં સહેજે 35-40 મિનિટ થઈ જાય. એણે હૉસ્પિટલમાં પોતાને મળેલા ડૉક્ટર્સ રૂમમાં જ પોતાનું એક નાનુંસરખું ઘર બનાવી લીધું હતું. ચાર જોડી કપડાં અને બાકીની જરૂરી વસ્તુઓ અહીં રહેતી... મોટા રૂમમાં નાનકડું પાર્ટિશન કરીને એની ઑફિસ અને આ કામચલાઉ ઘર શ્યામાએ ઊભું કરી લીધું હતું. જે ડૉક્ટર્સને વારંવાર ઇમર્જન્સી હૅન્ડલ કરવાની આવે એવા લગભગ બધા ડૉક્ટર્સ ‘લાઇફ કૅર’ હૉસ્પિટલને જ પોતાનું બીજું ઘર માની ચૂક્યા હતા. બધાને ટુકડે ટુકડે ઊંઘવાની, પરિવારના સારા-નરસા પ્રસંગે ગેરહાજર રહેવાની, કોઈ પણ સમયે, દિવસે કે રાત્રે, ઘરેથી કે પારિવારિક પ્રસંગોમાંથી ઊભા થઈને હૉસ્પિટલ તરફ દોડવાની ટેવ પડી ચૂકી હતી. ‘લાઇફ કૅર’ મુંબઈ શહેરની ખૂબ પ્રતિષ્ઠિત અને જાણીતી ટ્રસ્ટ હૉસ્પિટલ્સમાંની એક હતી. મુંબઈના હોશિયાર અને તબીબી વિજ્ઞાનમાં પોતાનું નામ કાઢી ચૂક્યા હોય એવા ઘણા ડૉક્ટર્સ ‘લાઇફ કૅર’ સાથે સંકળાયેલા હતા.

ડૉ. ભાસ્કર મજુમદારનું એકમાત્ર સંતાન હતી, શ્યામા. પિતાનો બંગલો, કરજતમાં જમીન અને વારસામાં ખૂબ ધન મળવાનું હતું... એણે મનોમન નક્કી કર્યું હતું કે, પ્રાઇવેટ હૉસ્પિટલ અફૉર્ડ ન કરી શકે એવા દર્દીઓને પણ ઉત્તમ સારવાર મેળવવાનો અધિકાર છે. એણે પોતાનું જ્ઞાન પૈસાને બદલે સેવામાં કામે લગાડ્યું હતું.

'લાઇફ કેર' હૉસ્પિટલ ટ્રસ્ટની હતી એટલે દર્દીઓ પણ વધારે જ હોય. ડૉ. ભાસ્કર મજુમદાર પોતાની દીકરીની મજાક કરતા, "પગાર ઓછો ને કામ વધારે... એના કરતાં મારે ત્યાં આવી જા. હું આનાથી ડબલ પગાર આપીશ, ને કામ અડધાથી પણ ઓછું..." ભાસ્કરભાઈની રમૂજવૃત્તિ અદ્ભુત હતી.

શ્યામા પણ પિતાની જેમ જ ખુલ્લા દિલે હસી શકતી, "મારે તો કામ વધારે કરવું છે, ને પૈસાની ક્યાં જરૂર છે? મારાં બધાં બિલો તો તમે ચૂકવો છો" શ્યામા કહેતી, ને ડાઇનિંગ ટેબલ પર પિતા-પુત્રીનું હાસ્ય ગુંજતું. ડૉ. ભાસ્કર મજુમદાર જનરલ સર્જન હતા ને શ્યામાનાં મમ્મી ડૉ. પ્રીતિ મજુમદાર ઑપ્થલ્મોલૉજિસ્ટ (આંખનાં ડૉક્ટર) હતાં. દુર્ભાગ્યે, એ લાંબું જીવ્યાં નહીં. મા ફેફસાંની બીમારીમાં ગઈ એટલે શ્યામાએ કાર્ડિયો-પલ્મેનૉલૉજી પસંદ કર્યું. જોકે, શ્યામાને ડૉક્ટર થતી જોવા એ હાજર નહોતાં. માની ગેરહાજરીમાં પિતા-પુત્રી એકબીજા સાથે સરસ રીતે જીવતાં શીખી ગયાં હતાં. આમ પણ, બંને એટલાં બિઝી રહેતાં કે, ઘરનો ખાલીપો એમને બહુ નડતો નહીં!

અઠવાડિયાની બે રાત તો શ્યામા હૉસ્પિટલમાં જ વિતાવી દેતી. વીકલી ઑફ દરેક વખતે મળે જ, એવું નક્કી ન હોય. જનરલ સર્જન પિતાના કામના સમય પણ વિચિત્ર, એટલે બંને જણાં દરરોજ એકબીજાને મળે, એવું બનતું નહીં. શ્યામા એકદમ એના પિતા જેવી હતી, તબીબી વ્યવસાયને સમર્પિત. એને એના કામના કલાકોનો કદી થાક લાગતો નહીં. શ્યામા 15-20 મિનિટની પાવરનૅપથી ફરી પાંચ-છ કલાક કામ કરવાની તાજગી અનુભવી શકતી.

■

આજે પણ 15-20 મિનિટની ઝપકી પછી શ્યામાની આંખો ખૂલી. રાતના બે ને દસ થયા હતા. પોતાની ઈઝી ચૅરમાંથી ઊભી થઈને એ બહાર આવી. નર્સ સ્ટેશન ઉપર બે છોકરીઓ સ્કાય બ્લ્યૂ યુનિફૉર્મમાં બેઠી હતી. એક પોતાના મોબાઇલમાં ઇઅરફોન સાથે કોઈ વિડિયો જોઈ રહી હતી ને બીજી કૉમ્પ્યુટર પર કશું કામ કરી રહી હતી. બીજી બે નર્સીસ નર્સ સ્ટેશનની ખુરશી પર બેસીને તંદ્રામાં આંખો મીંચીને થાક ઉતારી રહી હતી. આઇસીયુની બહાર ગોઠવેલી બેન્ચિઝમાં દર્દીઓનાં સગાં થોડું ઊંઘતાં, થોડું જાગતાં બેઠાં હતાં. કૉરિડોર ખાલી હોવાને કારણે વધારે લાંબો લાગતો હતો. છેલ્લા 48 કલાકથી એકધારો વરસાદ પડતો હતો. ગ્લાસ વિન્ડોઝ પરના બ્લાઇન્ડ્સ ખુલ્લા હતા. કાચની મોટી બારીઓની બહારની સપાટીઓ ઉપર પાણીનાં ટીપાં અને અંદરની સપાટી પર ધુમ્મસ જામી ગયું હતું. બહારનું કશું દેખાતું નહોતું. આઠમા ફ્લોરના સન્નાટામાં ગ્લાસ વિન્ડોઝની બહાર સાંબેલાધાર વરસી રહેલા વરસાદનો

અવાજ વધુ ભયાનક લાગતો હતો. વચ્ચે વચ્ચે વાદળનો ગડગડાટ અને વીજળીનો ચમકારો આખા ફ્લોર ઉપર ઝળહળાટ પાથરી જતો હતો.

શ્યામાએ સરસરી નજર નાખીને બંને હાથ ઊંચા કરી આળસ મરડી.

આઇસીયુના કાચના દરવાજાને ધક્કો મારી એ અંદર પ્રવેશી ગઈ. પાછળ દરવાજો ડોર ક્લોઝરથી બંધ થઈ ગયો.

■

પાવને પડખું ફેરવ્યું. એની બાજુની પથારી કરચલી વગરની અને સ્વચ્છ હતી. ઓઢવાનું પગ પાસે વાળીને મૂકેલું હતું. બેડરૂમ અત્યંત એસ્થેટિકલી સજાવેલો અને વ્યવસ્થિત હતો. નકશીકામ કરેલા ઍન્ટિક પલંગની પાછળની તરફ એક બ્લૅક ઍન્ડ વાઇટ તસવીર હતી. એ તસવીર ઉપર સેટ કરેલી પિક્ચર લાઇટને કારણે તસવીરમાં હસતા બંને ચહેરા ચમકતા હતા. એક ચહેરો ડૉ. શ્યામાનો હતો અને બીજો પથારીમાં સૂતેલા પાવનનો.

પ્રમાણમાં દેખાવડી કહી શકાય એવી પણ રંગે સહેજ ઘઉંવર્ણી, નમણું નાક અને ચમકતી ત્વચા ધરાવતી શ્યામાની મોટી ભાવુક આંખો, બત્રીસે દાંત દેખાય એવું દિલ સુધી પહોંચી જતું સ્મિત... તસવીરમાં સાથે પાવન હતો કોઈ પણ ઉંમરની, કોઈ પણ સ્ત્રીને બીજી વાર પોતાના તરફ જોવા મજબૂર કરી દે એવો હૅન્ડસમ હતો, પાવન! એની જાડી ઘાટી મૂછો, વાંકડિયા વાળ અને ગોરી ત્વચાની ગુલાબી ઝાંય એના ચહેરાને કોઈ જુદી જ આભા આપતાં હતાં. ભારતનું એવું કોઈ શહેર નહીં હોય જ્યાં પાવનનાં હોર્ડિંગ ન લાગ્યાં હોય! લગભગ બધી મોટી બ્રાન્ડ્સનાં એન્ડોર્સમેન્ટ માટે એજન્સીઝનો ફેવરિટ મૉડેલ હતો, પાવન માહેશ્વરી.

એ જ્યારે શ્યામા સાથે પરણ્યો ત્યારે હિન્દુસ્તાનની કેટલીય છોકરીઓનાં દિલ તૂટ્યાં હતાં! કરોડો ફૅન્સે એને પૂછ્યું હતું, “આવી છોકરી સાથે કેમ પરણ્યા? યૂ આર સો હૅન્ડસમ... ઍન્ડ શી ઇઝ સો ઑર્ડિનરી!” પાવને પોતાના ફેસબુક પેજ પર શ્યામા સાથેનાં લગ્નની તસવીરો શૅર કરીને લખ્યું હતું, “શી ઇઝ માય સોલમેટ. શી ઇઝ માય બીઇંગ. શી ઇઝ માય લાઇફ સપોર્ટ સિસ્ટમ.”

વાત સાચી હતી. શ્યામા મેડિસિનમાં ભણતી ત્યારથી પાવન એની સાથે લગ્ન કરવા માટે એની પાછળ લાગી ગયો હતો. એક કૉમન ફ્રેન્ડની પાર્ટીમાં મળ્યાં હતાં, બંને જણાં. શૌર્ય માહેશ્વરી. પાવનના કાકાનો દીકરો શ્યામાનો સ્કૂલનો દોસ્ત હતો. એના 25મા જન્મદિવસની પાર્ટીમાં બંને પહેલી વાર મળ્યાં હતાં. પાવનની આસપાસ વીંટળાતી અને એની સાથે ડાન્સ કરવા તૂટી પડતી છોકરીઓનાં ટોળાંથી દૂર બાર સ્ટૂલ પર બેસીને શ્યામા આરામથી શાંગ્રિલા પી રહી હતી.

“હાય!” પાવનનો ઈગો ઘવાયો હતો. આ છોકરી એની સામે જોતી પણ નહોતી! “આઇ ઍમ પાવન માહેશ્વરી.” એણે હાથ લંબાવ્યો હતો.

"તમને કોણ નથી ઓળખતું?" શ્યામાનું સ્મિત મિલિયન ડૉલરનું હતું. એની ભાવુક અને મોટી આંખોમાં કોઈ અજબ જેવી તરલતા હતી, "શ્યામા મજુમદાર" એણે પાવનનો લંબાયેલો હાથ પકડી લીધો અને હૅન્ડ શેક કર્યા હતા.

"યુ મીન ડૉક્ટર શ્યામા મજુમદાર." પાવનના ચહેરા પર સ્મિત પ્રગટ્યું હતું.

"રિસર્ચ સારું છે અને ઝડપી પણ..." કહીને શ્યામા ફરી હસી પડી હતી. પાવને મનોમન નક્કી કરી લીધું હતું કે, જે છોકરી એના ચહેરાને કે પ્રસિદ્ધિને નહીં, પણ એના વ્યક્તિત્વને ઓળખવા માગે એની જ સાથે લગ્ન કરશે. એ પછીનાં લગભગ ચાર-સાડા ચાર વર્ષ પાવને એકસરખો શ્યામાને મનાવવાનો પ્રયત્ન કર્યો હતો. અંતે, ફાઇનલી... બંને જણાં પરણ્યાં હતાં.

જોકે, એ લગ્નની ત્રીજી ઍનિવર્સરી આવે એ પહેલાં તો બંને જણાં જુદાં ઘરોમાં જુદા પલંગો પર જુદી પથારીઓમાં વહેંચાઈ ગયાં હતાં.

પાવન અને શ્યામા પતિ-પત્ની હોવા છતાં પાવનની બાજુની પથારી છેલ્લા આઠ મહિનાથી આમ જ કરચલી વગરની અને ખાલી રહેતી હતી. શ્યામા છેલ્લા આઠ મહિનાથી એના પિતા ડૉ. ભાસ્કર મજુમદાર સાથે રહેતી હતી, ને પાવન આ ઘરમાં.

ઘરની બહાર હજી બંનેનાં નામની નેમપ્લેટ અકબંધ હતી, ને ઘરની ભીંતો પર બંનેની તસવીરો પણ મુસ્કુરાતી હતી. બસ! ઘર, શ્યામા વગરનું... હતું. પાવન પણ માત્ર રાત્રે ઊંઘવા પૂરતો ઘરે આવતો. શ્યામા વગરનું ઘર એને પણ ઘર નહીં, મકાન લાગતું... પણ, શ્યામાને પાછી આવવાની વિનંતી કરવા જેટલી એનામાં હિંમત નહોતી. જે કંઈ બન્યું હતું એને માટે પાવન પોતાની જાતને જવાબદાર માનતો હતો. એણે જે રીતે શ્યામાનો સાથ આપવો જોઈતો હતો એ રીતે મજબૂત બનીને પોતે એની સાથે ઊભો ન રહી શક્યો એ માટે એ હજી પણ અપરાધી માનતો હતો પોતાની જાતને! પોતાની કારકિર્દી અને શ્યામાના આત્મગૌરવ વચ્ચે જ્યારે પસંદગી કરવાની આવી ત્યારે પોતે ખોટી પસંદગી કરી છે એ એને સમજાતું હતું, પણ હવે પરિસ્થિતિને બદલી શકાય એમ નહોતી.

પાવને પોતાના સેલફોનમાં ઘડિયાળ જોઈ. બે ને પંદર... એ ઊભો થયો. રસોડામાં જઈને ફ્રિજ ખોલ્યું. ઠંડા પાણીની બૉટલ લઈને એક શ્વાસે લગભગ અડધી બૉટલ પાણી ગટગટાવી ગયો, પછી ડ્રૉઇંગ રૂમમાં લટકતા સિંગલ હીંચકા પર બેસીને એ બારીની બહાર જોઈ રહ્યો. છેલ્લા 48 કલાકથી વરસાદ અટક્યો નહોતો. બારીમાંથી દેખાતો મરીન ડ્રાઇવનો રસ્તો અને સામે ઊછળતો-પછડાતો સમુદ્ર અંધકારમાં ભયાનક લાગતો હતો. પસાર થઈ જતી એકલદોકલ ગાડીઓ અને સ્ટ્રીટ-લાઇટના ચકરડામાં દેખાતાં વરસાદનાં અનરાધાર ટીપાંને ક્યાંય સુધી જોતો રહ્યો, પાવન!

■

શ્યામા જ્યારે અહીં રહેતી ત્યારે આવી વરસાદી રાતોએ જો એ ઘરમાં હોય તો બંને જણાં

વિશાળ બાલ્કનીમાં બેસતાં. પાવન એની સ્પેશિયલ ફિલ્ટર કૉફી બનાવતો... બીજે દિવસે વહેલી સવારની ડ્યુટી હોય તો પણ શ્યામા અને પાવન આવી ભીની રોમૅન્ટિક રાતો ગૅલરીમાં બેસીને વાતો કરતાં. આજે આખા ઘરમાં મૂંઝવી નાખે એવો સન્નાટો હતો. વરસાદનો અવાજ એકધારો સંભળાતો હતો. કાચની બારીઓ પર અફળાતાં પાણીનાં ટીપાં પાવનને વધુ બેચેન કરી રહ્યાં હતાં. એણે સેલફોન ઉપાડ્યો... એક વાર શ્યામાને ફોન કરવાનો વિચાર આવ્યો એને, પણ પછી એણે જ એ વિચારને ભૂંસીને સેલફોન ઊંધો મૂકી દીધો.

એવું નહોતું કે, પાવન અને શ્યામા વચ્ચે વાત જ નહોતી થતી... પરંતુ, આવી મેઘલી રાત્રે, 'તું મને યાદ આવે છે!' એવું કહેવાના સંબંધો ઉપર જાણે પરિસ્થિતિનાં જાળાં બાઝી ગયાં હતાં. પાવન ફરી પલંગમાં પડ્યો. બેડસાઇડ ઉપર મૂકેલો લૅમ્પ ચાલુ કરીને એણે એક પુસ્તક હાથમાં લીધું. જ્યાં સુધી ઊંઘ ન આવે ત્યાં સુધી આડાઅવળા વિચાર કરવાને બદલે એણે વાંચવા માંડ્યું.

■

ડૉ. શ્યામા આઇસીયુમાં ઊભી હતી, ત્યારે જ નર્સ સ્ટેશન ઉપર અલાર્મ વાગ્યું. આ આઇસીયુના આઠમા માળે અલાર્મનો અર્થ હતો કે, નીચે કૅઝ્યુઅલ્ટી વિભાગમાં કોઈ મોટો કેસ આવ્યો હતો.

પેશન્ટને તપાસી રહેલી શ્યામા એક નવા યુદ્ધ માટે તૈયાર થઈ ગઈ. એ ઉતાવળે પગલે લિફ્ટ તરફ દોડી.

એ જ્યારે કૅઝ્યુઅલ્ટી વિભાગમાં પહોંચી ત્યારે કૉરિડોરમાં ઊભેલા કેટલાક ચહેરા એને જાણીતા લાગ્યા. એનું મગજ પૂરી રીતે દર્દી અને એની સમસ્યાઓ માટે તૈયાર થઈ રહ્યું હતું એટલે આ ચહેરા કોણ હતા, એ વિચારવા માટે એની પાસે સમય પણ નહોતો ને એને જરૂરત પણ ન લાગી. શ્યામા કાચનો દરવાજો ખોલીને કૅઝ્યુઅલ્ટીમાં દાખલ થઈ. ડૉ. શીરીન ખંભાતા, ડૉ. પરેશ બ્રહ્મભટ્ટ અને ડૉ. રાજેશ પટેલ ઑલરેડી ત્યાં પહોંચી ગયાં હતાં.

એ ત્રણેય જણાં સ્ટ્રેચર પર સૂતેલા દર્દીને જોઈને મૂંઝાઈ ગયાં હતાં. શ્યામા સ્ટ્રેચર સુધી પહોંચે એ પહેલાં જ ડૉ. શીરીન આગળ આવી, "જો શ્યામા. અકળાતી નહીં. હું બધું સમજું છું, પણ આપણે તો ડૉક્ટર છીએ. આપણી જવાબદારી તો જીવ બચાવવાની, ખરું કે નીં?"

"શું બોલે છે?" શ્યામાએ ભ્રમર સંકોચીને પૂછ્યું.

"બી સ્ટ્રૉન્ગ." ડૉ. રાજેશ પટેલે શ્યામાના ખભે હાથ મૂક્યો, "ઍન્ડ ફરગિવિંગ."

"પ્રૉબ્લેમ શું છે?" શ્યામાએ પૂછ્યું, પણ સ્ટ્રેચર પર બેહોશ પડેલા માણસનો ચહેરો જોતાં જ એને સમજાઈ ગયું કે, ડૉ. શીરીન અને ડૉ. રાજેશ શું કહી રહ્યાં હતાં, કેમ કહી રહ્યાં હતાં...

એ ચહેરો જોતાં જ શ્યામાને પોતાના છેલ્લાં અઢી વર્ષનો સંઘર્ષ, પીડા, સંતાપ, તરફડાટ અને અપમાન યાદ આવી ગયાં. એનો ચહેરો તમતમી ગયો. ગુસ્સામાં એની આંખો મીંચાઈ ગઈ.

સ્ટ્રેચર પર સૂતેલો પેશન્ટ 24-25 વર્ષનો છોકરો હતો. રંગે કાળો પણ દેખાવડો કહી

શકાય એવો. છ ફૂટ બે ઇંચથી વધારે હાઇટ અને કસરતી શરીર. એની ગાડીને અકસ્માત થયો હતો. સ્ટિયરિંગ વ્હીલ છાતીમાં વાગ્યું હતું. વિન્ડ સ્ક્રીન તૂટ્યો હશે. ચહેરામાં, ખભામાં, છાતીમાં અને ગળામાં કાચના ઝીણા ટુકડા પેસી ગયા હતા. બ્લડ લૉસ સારો એવો થયો હતો. એ બેહોશ હતો. પ્રત્યેક ક્ષણ કીમતી હતી એવું એની સ્થિતિ જોઈને કોઈ પણ સમજી શકે.

એના ચહેરા તરફ જોઈ રહેલી શ્યામાને ત્રણ વર્ષ પહેલાં રાત્રિના અંધકારમાં પોતાના પર તૂટી પડેલા એ ચાર ચહેરા યાદ આવી ગયા. પોતાની ચીસો અને આંસુ, બળાત્કારની ભયાનક ક્ષણોની યાદ સાથે અભિન્ન રીતે જોડાયેલો હતો આ ચહેરો...

એ રાત, એ પીડા, અપમાન અને એ પછી કોર્ટરૂમની અંદર અને બહાર બનેલી બધી જ ઘટનાઓ કોઈ ફિલ્મની જેમ શ્યામાની નજર સામે ફરવા લાગી.

"લેટ હિમ ડાય" ડૉ. પરેશના ચહેરા પર ગુસ્સો સ્પષ્ટ વંચાતો હતો, "આવા માણસને બચાવીને શું કરવું છે? ભગવાને જ એને એના પાપની સજા આપી છે."

"એમ નહીં બોલ પરેશ." ડૉ. શીરીને કહ્યું, "આપણે તો ડૉક્ટર છીએ, જજ નથી. એવન બેભાન છે. મરી જસે તો એને કંઈ ખબર નહીં પડે કે સજા કોને કરી ને કેમ..."

"જો!" ડૉ. રાજેશે શ્યામાના ખભે હાથ મૂક્યો, "તું એનો જીવ બચાવી શકે એમ છે. આપણે એના જેવાં ન થવું જોઈએ..." કહીને ડૉ. રાજેશે ઊંડો શ્વાસ લીધો. થૂંક ગળા નીચે ઉતારીને એમણે શ્યામાના ખભે મૂકેલો હાથ થપથપાવ્યો.

"ઓટી તૈયાર કરો. રેસ્પિરેટરી સિસ્ટમ ચાલુ કરો..." શ્યામાએ કેળવાયેલા અવાજે સૂચના આપવા માંડી.

હવે કૉરિડોરમાંથી બહાર નીકળતી વખતે ત્યાં ઊભેલા મોટા ભાગના ચહેરાઓને શ્યામા ઓળખી શકી. આ એ ચહેરાઓ હતા જેમને એણે કોર્ટરૂમમાં, કોર્ટરૂમની બહાર અને પોતાની આસપાસ અવારનવાર જોયા હતા.

ઓટીમાં જતાં પહેલાં શ્યામાએ પોતાનો સેલફોન ઉપાડ્યો. એક ક્ષણ માટે વિચાર્યું અને પછી એણે પાવનને ફોન જોડ્યો.

"હું તને જ ફોન કરવાનો હતો" પાવનનો સહેજ એકલવાયો અને અસ્વસ્થ અવાજ સંભળાયો.

"હી ઇઝ હિયર." શ્યામાને ડૂમો ભરાયો હતો.

"હુ?" પાવને પૂછ્યું.

"એ..." એનું નામ લેતાં પણ શ્યામાની જીભ અચકાતી હતી, "મ...મ...મંગલ" માંડ માંડ શ્યામાએ કહ્યું.

"એ ત્યાં શું કરે છે?" પાવન બેઠો થઈ ગયો, એણે પુસ્તક સાઇડમાં મૂક્યું. ઉશ્કેરાટમાં એના હોઠ સુકાઈ ગયા, હાથની મુઠ્ઠી વળી ગઈ.

"ઍક્સિડન્ટ થયો છે. બેભાન છે. ઓટીમાં લઈ ગયા છે..." શ્યામાએ કહ્યું, 'સિરિયસ ઇન્જરીસ છે. ચહેરામાં, ખભામાં અને છાતીમાં કાચના ટુકડા પેસી ગયા છે. ટાંકા લેવા પડશે. પેટમાં પણ વાગ્યું છે. કદાચ, બ્લડ ચડાવવું પડે...' એ બોલતી હતી ત્યારે એનો અવાજ ધ્રૂજતો હતો.

"મૂરખ છે?" પાવનના અવાજમાં થઈને જાણે આગની એક લપટ શ્યામાના કાનમાં ઝાળની જેમ અથડાઈ, "આને જ કુદરતનો ન્યાય કહેવાય. તારી સાથે એણે જે કંઈ કર્યું એનો આ બદલો છે. તક મળી છે તને..." પાવન લગભગ બૂમ પાડીને કહેતો હતો, "કિલ હિમ." એણે ફરી કહ્યું, "ડોન્ટ થિન્ક. જસ્ટ કિલ હિમ."

શ્યામા હાથમાં ફોન પકડીને પથ્થરની મૂર્તિની જેમ સ્થિર થઈ ગઈ. એક તરફ એને નર્સ કહી રહી હતી, "ઓટી રેડી છે, મે'મ."

બીજી તરફ એને પાવનનો અવાજ સંભળાઈ રહ્યો હતો, "દયા નહીં ખાતી. માણસાઈનો વિચાર નહીં કરતી. અત્યારે તું ડૉક્ટર નહીં, ન્યાયાધીશ છે. ફાંસીની સજા કર એને. હી ડિઝર્વ્સ ડેથ! જે કોર્ટ નથી કરી શકી, એ કરવાની તક આપી છે, તને તારા નસીબે. ઝાઝું વિચાર્યા વગર મારી નાખ એને..."

■

"કિલ હિમ..." પાવન કહી રહ્યો હતો. એના અવાજમાં કોઈ રાક્ષસી ઉદ્વેગ હતો.

સેલફોન હાથમાં પકડીને ઊભેલી શ્યામા બસ, સાંભળી રહી હતી. ડૉ. રાજેશ, ડૉ. શીરીન, પાવન અને ડૉ. પરેશના શબ્દો એકબીજાની સાથે અથડાતા હતા જાણે. બે પથ્થર ઘસાય એમ એ બધા શબ્દો એકબીજા સાથે ઘસાતા હતા અને તણખા ઝરતા હતા શ્યામાની ચારેતરફ. એનું મગજ ગોળ ગોળ ઘૂમતું હતું. ચકડોળમાંથી ઊતર્યા પછી આવે એવા ફેર ચડતા હતા શ્યામાને. એને લાગ્યું હમણાં ઊલટી થઈ જશે. એની ચોતરફ ગુંજી રહેલા એ બધા અવાજો અચાનક કૉમ્પ્યૂટરથી ડિસ્ટ્રોટ કરેલા કોઈ વિકૃત ઘોંઘાટમાં ફેરવાઈ જતા હતા...

"આઇ કાન્ટ" શ્યામાએ કહ્યું. કોઈ નિર્ણયની જેમ, કોઈ જજમેન્ટની જેમ.

"યુ કેન." પાવન બરાડ્યો, "યુ વિલ હેવ ટુ."

શ્યામાએ કંઈ જ કહ્યા વગર ફોન ડિસ્કનેક્ટ કરી નાખ્યો. એકાદ ક્ષણ માટે એ ફોનની સામે જોઈ રહી અને પછી એણે ફોન સ્વિચ-ઑફ કરી દીધો. ત્રણેય જુનિયર ડૉક્ટર્સ શ્યામાના નિર્ણયની પ્રતીક્ષા કરી રહ્યાં હતાં. એણે જે રીતે "આઇ કાન્ટ" કરીને ફોન સ્વિચ-ઑફ

કર્યો એનાથી ત્રણેય જણાંને શ્યામાનો નિર્ણય સમજાઈ ગયો. ડૉ. પરેશના ચહેરા પર થોડો અણગમો હતો, પરંતુ શીરીન અને રાજેશના ચહેરા પર રાહતનું સ્મિત ફેલાયું.

"લેટ્સ ગેટ ઑન ટુ વર્ક" શ્યામાએ બને એટલા નૉર્મલ રહેવાનો પ્રયત્ન કરીને કહ્યું, એ સ્ટ્રેચર પાસે આવી અને એના પર સૂતેલા છોકરાને તપાસવા લાગી. કૉરિડોરમાં ઊભેલું ટોળું બેભાન છોકરા કરતાં વધુ શ્યામાને જોઈ રહ્યું હતું. એના હાથ, એની આંખો ઉપર એ આખાય ટોળાની નજર બાજની જેમ ફરતી હતી.

■

સ્ટ્રેચર પર સૂતેલા એ બેહોશ છોકરાને શ્યામા ધ્યાનથી જોતી રહી. એના ગળામાં, છાતીમાં પેસી ગયેલા કાચ, પેટમાં વાગેલો ઘા તપાસતી રહી. છોકરાની આંખો બંધ હતી. અત્યારે એનો લોહીલુહાણ ચહેરો એકદમ નિર્દોષ-નિષ્પાપ દેખાતો હતો, પરંતુ આજથી અઢી વર્ષ પહેલાં આ જ છોકરાના ચહેરા પર શ્યામાએ જે અહંકાર અને બેફિકરાઈ જોયાં હતાં એ ચહેરો રોજ રાત્રે એની ઊંઘ ઉડાડી દેતો હતો.

અત્યારે એ બેહોશ હતો...

શ્યામાને એની એ ઉઘાડી આંખોમાં દેખાતો ઉપાલંભ, ઉપહાસ અને ઉપેક્ષા યાદ આવી ગયાં. એને યાદ આવી ગઈ પોતાના કેસની છેલ્લી સુનાવણીની એ તારીખ અને શ્યામાને હાઈકોર્ટનો એ રૂમ દેખાવા લાગ્યો.

આરોપીના પીંજરામાં ઊભેલો મંગલ પોતાની તરફ બેફિકરાઈ અને બેશરમીથી જોઈ રહ્યો હતો. ન્યાયમૂર્તિ પી. જે. રાઘવેન્દ્ર રાવ ગંભીર ચહેરે પોતાનો ફેંસલો સંભળાવી રહ્યા હતા, "આરોપી મંગલસિંઘ યાદવ સામે એક પણ આરોપ પુરવાર થઈ શક્યો નથી. એથી આ અદાલત એને સન્માનપૂર્વક બધા આરોપોમાંથી મુક્ત કરે છે." મંગલની આંખો જાણે તીર કે તલવારની જેમ શ્યામાના શરીરમાં ઝીણા ઝીણા છેદ કરી રહી હતી. એ હસ્યો, એના લિસ્સા કપાળ પર ધસી આવતા વાળ એણે ડોકું ઝટકાવીને પાછળ ધકેલ્યા અને પછી કશું જ ન બન્યું હોય એમ જીન્સનાં ફ્રન્ટ પૉકેટમાં હાથ નાખીને આરોપીના પીંજરામાંથી બહાર નીકળી કોર્ટરૂમના દરવાજા તરફ આગળ વધી ગયો. દરવાજાની બહાર નીકળીને એણે ફરી એક વાર શ્યામા તરફ જોયું. એની આંખોમાં કંઈક એવો ભાવ હતો જેનાથી શ્યામાને જાહેરમાં કોઈએ તમાચો માર્યો હોય એવું લાગ્યું. જીન્સનાં ફ્રન્ટ પૉકેટમાં નાખેલા બંને હાથ એમ જ રાખીને ખભા હલાવતો એ છોકરો બહાર નીકળી ગયો...

કોર્ટરૂમમાં એક પછી એક બધા બહાર નીકળી ગયા. મીડિયા અને પત્રકારો બહાર રાહ જોઈ રહ્યા હતા. આખા રૂમમાં એકલી ઊભેલી શ્યામાને લાગ્યું કે, કોર્ટના એ રૂમની છત એના માથા પર તૂટી પડી છે અને પોતે એ છત નીચે દબાઈ ગઈ છે. બધું જ દટાઈ ગયું છે... કાટમાળમાં દબાયેલી શ્યામા જાણે શ્વાસ લેવા માટે તરફડતી હતી...

■

એ ટોળાંમાંથી એક જણ આગળ આવ્યો, “કિસી ઔર ડૉક્ટર કો બુલાઓ” એણે ખિસ્સામાંથી રામપુરી ચપ્પુ કાઢીને એની કળ પર હાથ દબાવ્યો. ‘કટ’ અવાજ સાથે ચપ્પુ ખૂલી ગયું. શ્યામાની પાછળ આવી રહેલાં ત્રણેય ડૉક્ટર્સ ત્યાં જ અટકી ગયાં, “યે નહીં ચલેગી” એ માણસે કહ્યું.

આવી ભયાનક પરિસ્થિતિમાં પણ શ્યામાના ચહેરા પર સ્મિત આવી ગયું, “શાદી કરની હૈ ક્યા?” એણે સામે ઊભેલા છોકરાના હાથમાંથી ચપ્પુ લઈ તદ્દન સહજતાથી બંધ કરીને એને પાછું આપ્યું, “નહીં ચલેગી, ક્યા હોતા હૈ? ઇસ વક્ત તો મૈં હી હૂં. ભગવાન ઔર યમરાજ કે બીચમેં ખડી હૂં મૈં.” એણે આખા ટોળા તરફ એક સરસરી નજર નાખી. સોપો પડી ગયો. શ્યામાએ જરા કડક અવાજમાં કહ્યું, “દૂસરે ડૉક્ટર કો બુલા સકતે હૈ. ઇસકો કહીં ઔર ભી લે જા સકતે હો...” પછી સામે ઊભેલા માણસની આંખોમાં આંખો પરોવી, “ઇતના વક્ત હૈ તુમ્હારે પાસ?” એણે સ્ટ્રેચર પર સૂતેલા છોકરા તરફ જોઈને પૂછ્યું, “ઇસકે પાસ?” ટોળું ઝંખવાઈ ગયું. પેલો માણસ પણ ચૂપ થઈને પાછળ ખસી ગયો.

આત્મવિશ્વાસસભર અને શાંત ડગલે શ્યામા ઓટી તરફ જતી રહી. એની પાછળ એનાં ત્રણ ડૉક્ટર્સ અને સ્ટ્રેચર, બે નર્સ બધાં ઓટીમાં દાખલ થયાં.

ઑપરેશન થિયેટરનો દરવાજો બંધ થઈ ગયો અને લાલ લાઇટ ચાલુ થઈ ગઈ. બહાર ઊભેલા ટોળામાંથી એક જણે થોડે દૂર જઈને સેલફોન ઉપર કોઈની સાથે વાત કરવા માંડી, “બાબુજી ઔર તો કૌનો બાત નહીં હૈ લેકિન યે દાક્તરની ઉ હી હૈ...” એણે સહેજ અચકાઈને ઉમેર્યું, “ઉ હી... જૌન અપને મોન્ટીબાબા પર કેસ કિયે રહી.”

સામેથી કશું કહેવાતું હતું. એ માણસ નમ્રતાથી સાંભળતો રહ્યો. ડોકું ધુણાવતો રહ્યો. વચ્ચે હોંકારા ભરતો રહ્યો. થોડી વારમાં ફોન મૂકીને એ ફરી ટોળામાં ભળી ગયો.

લગભગ સાડા ત્રણ કલાક સુધી ઑપરેશન થિયેટરનો દરવાજો બંધ રહ્યો. દરવાજો ખૂલ્યો ત્યારે શ્યામાની આંખોમાં ઑપરેશન કર્યાના થાક કરતાં વધારે પોતાની જાત સાથે કરેલા યુદ્ધની ખુવારી દેખાતી હતી. એણે બહાર આવીને ટોળા તરફ ફરી એક નજર નાખી, “ઑપરેશન હો ગયા હૈ. સારે કાચ નિકાલ લિયે હૈ. પેટ કા ઘાવ ભી સીલ દિયા હૈ, લેકિન અભી ખતરે સે બહાર નહીં હૈ.”

“મૅડમ!” જે માણસે ચપ્પુ કાઢ્યું હતું એણે હાથ જોડ્યા, “મોન્ટીબાબા બચ તો જાયેંગે ના?”

“કુછ કહ નહીં સકતે, હોશ મેં આને કે બાદ હી કુછ કહ સકતે હૈ.” શ્યામાની વાત સાંભળીને આખું ટોળું હાથ જોડીને એની આસપાસ ઘેરાઈ વળ્યું. બધાની આંખોમાં થોડું આશ્ચર્ય, આઘાત અને આભારના મિશ્રિત ભાવ હતા. શ્યામાએ આ જ આંખોમાં ધમકી અને મોતનો ભય પણ જોયા હતા. એણે સૌ તરફ ફરી એક વાર જોયું, “દો દિન... 48 ઘંટે ઑબ્ઝર્વેશન મેં રખેંગે.” એ ત્યાંથી ચાલવા લાગી.

પેલો માણસ પાછળ દોડ્યો, “મૈડમ... મૈડમ...” શ્યામા અટકી નહીં. એણે પૂછ્યું, “બાબુજી

દેખને આ સકતે હૈ?"

"મેરે બાપ કી હૉસ્પિટલ નહીં હૈ, વિઝિટિંગ અવરમેં યહાં કોઈ ભી આ સકતા હૈ." કહીને શ્યામા પોતાના ડૉક્ટર્સ રૂમ તરફ ચાલવા લાગી.

ડૉક્ટર્સ રૂમમાં આવીને એણે પોતાનો ફોન સ્વિચ ઑન કર્યો ત્યારે પાવનના 11 મિસ્ડ કૉલ હતા. શ્યામાએ એ જોયું, છતાં ઉશ્કેરાયા કે અકળાયા વગર સ્વસ્થતાથી પાવનને કૉલ કર્યો, પહેલી જ રિંગમાં પાવને ફોન ઉપાડ્યો, "તો? ફાઇનલી તેં મારું ન જ માન્યું."

"એને બદલે એક ડૉક્ટરે પોતાનું કામ કર્યું એવું કહીએ તો ના ચાલે?" શ્યામાએ શાંતિથી કહ્યું, "પાવન, બેહોશ માણસને મારી નાખવો, મારા એથિક્સમાં નથી આવતું."

"ને એણે જે કર્યું એ એથિક્સ છે?" પાવનના અવાજમાં ડંખ હતો કે અહંકાર એ શ્યામાને સમજાયું નહીં.

"એણે શું કર્યું એના ઉપર મારા વર્તનનો આધાર નથી, પાવન" શ્યામાએ કહ્યું. પછી એક બગાસું ખાધું,

"તું ક્યારેય મારું નથી માનતી" પાવને કહ્યું. ફોન ડિસ્કનેક્ટ થઈ ગયો.

"ઓકે" એની વાતમાં રસ ન હોય એમ પાવને ફોન મૂકી દીધો. સેલફોન હાથમાં પકડીને શ્યામા એમ જ થોડી વાર અન્યમનસ્ક જેવી ઊભી રહી. એ સમજતી હતી પાવનના મનની સ્થિતિ. કોઈ પણ સામાન્ય માણસ પાવનની જગ્યાએ હોત તો આમ જ વર્તે, એ પણ શ્યામાને સમજાતું હતું તેમ છતાં, એની ભીતરથી એને કોઈ કહી રહ્યું હતું, 'તું એના જેવી નથી...'

ફોન બાજુએ મૂકીને શ્યામાએ પોતાના માટે એક કડક કૉફી બનાવી. આરામથી કાઉચ પર બેઠી. હળવે હળવે કૉફીના સિપ ભરતાં, હવે એણે ઘડિયાળ જોઈ. સાત વાગીને 45 મિનિટ થઈ હતી. કૉફી પૂરી થઈ એટલે એણે એના કાઉચની બાજુમાં પડેલા સાઇડ ટેબલનું ડ્રૉઅર ખોલ્યું, એમાંથી આઇ બ્લાઇન્ડર્સ કાઢીને આંખ ઉપર ચઢાવ્યાં. આંખો મીંચીને એ કાઉચ પર લાંબી થઈ ગઈ. આમ તો એ ઊંઘવા માગતી હતી, પરંતુ એની બંધ આંખોની સામે વીતી ગયેલા સમયની ભયાનક ક્ષણો એક પછી એક પસાર થવા લાગી.

■

ત્રણેક વર્ષ પહેલાંની એ 24મી ડિસેમ્બરની રાત હતી. પનવેલ પાસે એક ફાર્મહાઉસમાં પાવનના એક ફિલ્મસ્ટાર મિત્રની ક્રિસમસ પાર્ટી હતી. મોડી રાતના દોઢ-બે વાગ્યા સુધી પાર્ટી પૂરેપૂરી માણ્યા પછી પાવન અને શ્યામા ઘરે આવવા નીકળ્યાં. પાવન અને શ્યામા વચ્ચે એક કરાર હતો. બેમાંથી એક જ જણ પાર્ટીમાં દિલ ખોલીને શરાબ પીએ... પાછાં ફરતી વખતે જેણે શરાબ ન પીધો હોય એ ગાડી ચલાવે. આજે ગાડી ચલાવવાનો વારો શ્યામાનો હતો. પાવન થોડો ટિપ્સી હતો. એ મોટા અવાજે ગાઈ રહ્યો હતો, "જિંગલ બેલ જિંગલ બેલ જિંગલ ઑલ ધ વે... સાંતાક્લોઝ ઇઝ કમિંગ અલોંગ રાઇડિંગ ઑન હિઝ સ્લેજ..." એણે ગાડીનો દરવાજો ખોલવા ઝૂકેલી શ્યામાને કમ્મરમાંથી પકડી લીધી. હળવા વિરોધ સાથે શ્યામા ખેંચાઈ

આવી. શ્યામાને પ્રગાઢ ચુંબન કરતાં કરતાં પાવને પાછલી સીટના દરવાજા તરફ ધકેલી. રેન્જ રોવરની પાછલી સીટનો દરવાજો ખોલીને પાવને શ્યામાના હોઠ પરથી હોઠ હટાવ્યા વગર જ એને બે હાથે ઊંચકીને સહેજ ઊંચી, રેન્જ રોવરની સીટ પર બેસાડી દીધી.

"પાવન, નૉટ હિયર..." શ્યામાના અવાજમાં હા હતી એવું પાવનને લાગ્યું. એણે શ્યામાને થોડી વધુ અંદર ધકેલી ને પોતે પણ પાછલી સીટમાં ગોઠવાઈ ગયો. ગાડીનો દરવાજો એણે ખેંચીને બંધ કર્યો અને શ્યામાના સ્પગેટી ટૉપની સ્ટ્રિપ એક જ આંગળીથી પાવને નીચે ઉતારી નાખી, "શું કરે છે આ?" શ્યામાએ પૂછ્યું.

"તને નથી ખબર?" પાવને નશાર્ત અવાજે શ્યામાના ગળા, હોઠ અને છાતી પર પોતાની એક દિવસની વધેલી દાઢી અને હોઠ ઘસવા માંડ્યા. શ્યામાનો વિરોધ બહુ ટક્યો નહીં. એણે પણ પોતાના બંને હાથ ઉઠાવીને પાવનની આસપાસ લપેટી લીધા. એનો ડ્રેસ હાથથી કમ્મર સુધી ઊંચો કરીને પાવને એની પૅન્ટી ઉતારી કે ગાડીનો દરવાજો ખૂલ્યો. બંને જણાં ચોંકી ગયાં.

ગાડીની બહાર એક 24-25 વર્ષનો છોકરો ઊભો હતો. ઊંચો, પહોળા ખભા અને સહેજ કાળા પણ હૅન્ડસમ દેખાતા એ છોકરાની આંખોમાં વિચિત્ર હેવાનિયત હતી. એની સાથે બીજા ત્રણ જણા હતા. એ પણ નશામાં ધૂત હતા. દરવાજો ખૂલ્યો ત્યારે પાવન ગાડીની પાછલી સીટમાં શ્યામાની લગભગ ઉપર હતો. શ્યામાના બંને પગ પાવનની કમ્મર પર લપેટાયેલા હતા. એની પૅન્ટી ઘૂંટણથી નીચે હતી અને ડ્રેસ કમ્મર સુધી. શ્યામાના પાતળા, લાંબા પગ અને સ્પગેટી ટૉપની સરકી ગયેલી સ્ટ્રિપ પછી નીચે ઊતરી ગયેલા ડ્રેસમાંથી એનું યૌવન ડોકિયાં કરતું હતું.

"ચલ નીચે ઉતર" પેલા છોકરાએ હુકમ કર્યો.

"વૉટ નૉનસેન્સ" પાવને નીચે ઊતરીને દરવાજો બંધ કર્યો, "હુ ધ હેલ આર યૂ?" એ પણ નશામાં હતો.

"ચલ હટ" પેલા છોકરાએ એક જ હાથે ધક્કો મારીને પાવનને ચાર ફૂટ દૂર ફેંકી દીધો. એની સાથે આવેલા એના ચમચાઓએ પાવનના બંને હાથ પકડીને એને થોડો વધુ દૂર ઘસડ્યો. કોઈ કશું સમજે એ પહેલાં પેલા છોકરાએ ગાડીનો દરવાજો ખોલી કાઢ્યો. અંદર બેઠેલી શ્યામાએ પોતાની જાતને બની શકે એટલી વ્યવસ્થિત કરવાનો પ્રયાસ કર્યો હતો તેમ છતાં, એનાં વસ્ત્રો ક્રિસમસની પાર્ટી માટેનાં હતાં. એણે પેલા છોકરાને જોઈને ફરી પોતાનો ડ્રેસ નીચેની તરફ ખેંચ્યો.

એ છોકરાએ એક પગ ગાડીની અંદર મૂક્યો અને ઉઘાડા દરવાજા ઉપર પોતાના બંને હાથ ટેકવીને ઊભો રહ્યો. એની આંખોમાં ભાવતું ભોજન જોઈને એક રાની પશુની આંખમાં આવે એવી ચમક હતી. એ થોડીક ક્ષણો સુધી શ્યામાને જોતો રહ્યો. દૂર એના માણસોએ પકડી રાખેલો પાવન ધમપછાડા કરતો હતો, બૂમો પાડતો હતો. એક તો એ નશામાં હતો અને ત્રણ મજબૂત માણસોએ એને પકડ્યો હતો. પાવન બીજું કશું કરી શકતો નહોતો, પણ

છૂટવાના પ્રયત્નો કરી રહ્યો હતો. દૂર ફાર્મહાઉસના બંગલામાં મોટા અવાજે વાગતું સંગીત અહીં સુધી સંભળાતું હતું, એટલે પાવનની બૂમ ત્યાં સુધી પહોંચવાની નહોતી એની આ ચારેય જણાને ખાતરી હતી.

છોકરાએ ફક્ત ડોકું હલાવીને એના માણસોને થોડે દૂર જવાનો ઇશારો કર્યો. પહેરેલા લેધર જૅકેટની ઝિપ ખોલીને એણે જૅકેટ ઉતાર્યું. શ્યામા ભીતરથી થથરી ગઈ. એને સમજાતું હતું કે, પરિસ્થિતિ કઈ દિશામાં જઈ રહી હતી. એણે ગાડીનો દરવાજો બીજી તરફથી ખોલીને ઊતરવાનો પ્રયાસ કર્યો, પરંતુ એ છોકરાએ ચિત્તાની ઝડપથી શ્યામાનો પગ પકડી લીધો. શ્યામાનું બૅલૅન્સ ગયું. એનો એક પગ ગાડીની બહાર હતો અને બીજો આ છોકરાના હાથમાં...

એ પાછલી સીટમાં ફસડાઈ પડી. છોકરાએ જૅકેટ બહાર ફેંક્યું, એ પૂરા અધિકાર અને અહંકારથી ગાડીની પાછલી સીટમાં બેઠો. દરવાજો નિરાંતે બંધ કરીને એણે શ્યામાને પોતાના તરફ ખેંચી. શ્યામાએ એના ચહેરા પર, પીઠ પર નખોરિયાં ભર્યાં, બચકાં ભર્યાં, એને ધકેલવાનો પ્રયાસ કર્યો અને છૂટવાનાં બહુ તરફડિયાં માર્યાં તેમ છતાં અંતે એ છોકરો પોતાની ઇચ્છા પૂરી કરીને ગાડીમાંથી ઊતર્યો.

શ્યામાનો બળાત્કાર થઈ ચૂક્યો હતો. નફ્ફટની જેમ ગાડીમાંથી નીકળીને એ છોકરાએ આરામથી પોતાના પૅન્ટમાં પગ નાખ્યો. નિરાંતે પૅન્ટ ઉપર ચઢાવ્યું, ઝિપ બંધ કરી, ગાડીની બહાર પડેલા જૅકેટને ઉપાડીને એના પરથી ધૂળ ખંખેરી, જૅકેટ પાછું પહેર્યું... આ બધા દરમિયાન છૂટવાના મરણિયા પ્રયાસ કરી રહેલો પાવન એના માણસોનો માર ખાઈને અધમૂઓ થઈ ગયો હતો. એનું માથું ઢળી ગયું હતું. પાવનને ઢસડીને ગાડીની પાછલી સીટમાં નાખીને પેલા છોકરાની સાથે આવેલા ત્રણ જણાએ દરવાજો બંધ કરી દીધો.

ચારેય જણા જાણે કશું બન્યું જ ન હોય એમ નિરાંતે ત્યાંથી ચાલવા લાગ્યા. હાથમાં પકડેલી રિમોટ કીથી એણે થોડે દૂર પડેલી થારને ખોલી. ચાર જણા એ થાર ગાડીમાં ગોઠવાયા. હજી હમણાં જ, પાર્ટીમાંથી જ નીકળ્યા હોય એમ ચાર જણા શાંતિથી ગાડીમાં બેસીને ત્યાંથી ચાલી ગયા.

પાછલી સીટમાં બેઠેલી શ્યામાનો ડ્રેસ એની કમ્મર સુધી ઊંચો થઈ ગયો હતો. એની પેન્ટી સીટની આગળ પડી હતી. વાળ વિખરાયેલા હતા અને ચહેરા ઉપર પેલા છોકરાએ મારેલા તમાચાનાં ચાર આંગળાં ઊપસી આવ્યાં હતાં. એની લિપસ્ટિક લુછાઈને છેક ગાલ સુધી રેલાઈ હતી. આંખમાંથી વહેલાં આંસુને કારણે આઇ લાઇનર અને કાજલ પણ ગાલ સુધી ફેલાયાં હતાં. એ હતપ્રભ જેવી, પથ્થર થઈને બેઠી હતી. એની બાજુમાં બેઠેલા પાવનના ચહેરા પર ભૂરાં ચાઠાં ઊપસી આવ્યાં હતાં. એની આંખ નીચે એક ચીરો પડ્યો હતો. એ બેહોશ જેવી સ્થિતિમાં માથું ઢાળીને પડ્યો હતો. એના મોંમાંથી હુંકારા નીકળી રહ્યા હતા... છેક સૂરજ ઊગ્યો ત્યાં સુધી બંને જણાં ગાડીની પાછલી સીટમાં બેસી રહ્યાં.

પાર્ટીમાંથી નીકળતા લોકો એક પછી એક પોતપોતાની ગાડીમાં બેસીને ત્યાંથી રવાના થતા

હતા. એમાંના કેટલાકને શ્યામા ઓળખતી પણ હતી, પણ પાર્કિંગમાં અંધારું હોવાને કારણે અને ગાડીના ગ્લાસ ઉપર ફિલ્મ લાગેલી હોવાને કારણે કોઈએ એમને જોયાં નહીં. કોઈને બૂમ પાડીને બોલાવવાની, જે કંઈ બન્યું છે તે કહેવાની શ્યામાની હિંમત નહોતી.

■

આજે એ જ માણસ આઇસીયુમાં મૉનિટર્સ અને બ્લડની બૉટલ્સ સાથે બેહોશ પડ્યો હતો. એનો જીવ બચી ગયો હતો, પરંતુ એને જોયા પછી શ્યામા વિચલિત થઈ ગઈ હતી... એ બધી જ ક્ષણો અને પીડા જે શ્યામાએ મહામહેનતે પોતાના મગજના ખૂણામાં ભંડારી દીધી હતી એ બધી પીડા, અપમાન, અવહેલના, તિરસ્કાર, કટુતા અને બળાત્કારની એ ભયાનક સ્મૃતિ આ છોકરાને જોઈને પાછી ફરી હતી.

એ રાત, એ ક્ષણ અને એ બધું જ નાગની જેમ ફેણ ઊંચકીને શ્યામાની સામે ડોલી રહ્યું હતું...

■

શ્યામાની નજર સામે સૂતેલો મંગલ, અત્યારે તો બેહોશ હતો. એના શરીર પર મૉનિટર્સના વાયર અને નસોમાં નળીઓ હતી. ગઈ કાલે રાત્રે એ આવ્યો ત્યારે કોઈને ખાતરી નહોતી કે એ બચી જશે. ફેફસાંમાં કાચના ટુકડા અને છાતીમાં પેસી ગયેલા સ્ટિયરિંગ પછી ડૉ. શ્યામાએ એને બચાવ્યો તો ખરો, પરંતુ અત્યારે એની સામે જોઈ રહેલી શ્યામાને એ રાત, એ રાતની ભયાનકતા અને પોતાની સાથે થયેલા બળાત્કારની પીડા દઝાડી રહી હતી.

આ એ જ માણસ હતો જેણે રાક્ષસની જેમ શ્યામાના શરીરને ચૂંથ્યું હતું. એ રાત્રે શ્યામાએ જોયેલો મંગલસિંઘ યાદવનો ભયાનક ચહેરો એ ક્યારેય ભૂલી શકી નહોતી!

■

એ યાદ કરતાં એ અત્યારે પણ થથરી ઊઠી. ત્રણ વર્ષ પહેલાંની એ 24 ડિસેમ્બરની રાત... શ્યામાના પતિ પાવનના એક ફિલ્મસ્ટાર મિત્રના ફાર્મહાઉસ પર પાર્ટી પૂરી થયા પછી એના જ પાર્કિંગમાં મંગલસિંઘ યાદવે પાવનની નજર સામે શ્યામાનો બળાત્કાર કર્યો હતો.

શ્યામાનો ડ્રેસ કમ્મર સુધી ઊંચો થઈ ગયો હતો. એની પૅન્ટી આગળની સીટમાં પડી હતી. લિપસ્ટિક, આઇલાઇનર રેલાઈને ગાલ સુધી ફેલાયાં હતાં. ચહેરો ભયાનક દેખાતો હતો.

શ્યામા ગાડીમાંથી બહાર નીકળી ત્યારે સવાર થઈ ચૂકી હતી... એણે જોયું કે, પાર્કિંગમાં

બે-ચાર ગાડીઓ સિવાય કોઈ નહોતું. દૂર દેખાતા ફાર્મહાઉસમાં નીરવ શાંતિ હતી. પાર્ટી પૂરી થઈ ચૂકી હતી અને પાવનનો ફિલ્મસ્ટાર મિત્ર નિખિલ ખન્ના અત્યારે ઘસઘસાટ ઊંઘતો હશે, એવું નક્કી હતું. પાછલી સીટમાં લગભગ બેશુદ્ધ હાલતમાં પડેલા પાવનને એમ જ રહેવા દઈને શ્યામા ડ્રાઇવિંગ સીટમાં ગોઠવાઈ. સહેજ લાંબા થઈને એણે ડૅશબોર્ડમાંથી વેટવાઇપ મેક-અપ રિમૂવરનું પૅકેટ કાઢ્યું. ચહેરો લૂછવા માટે એક ભીનો નૅપ્કિન બહાર કાઢ્યા પછી એણે મન બદલી નાખ્યું. એ જ હાલતમાં એણે ગાડી સીધી પોલીસ સ્ટેશન તરફ લીધી. પનવેલ પોલીસ સ્ટેશનમાં શ્યામાની ગાડી પાર્ક થઈ ત્યારે સવારની ડ્યુટી પર હજી હમણાં જ હાજર થયેલા, અને રાતની પૅટ્રોલિંગ ડ્યુટી પૂરી કરીને આવેલા કેટલાક કૉન્સ્ટેબલ્સ ઊભાં ઊભાં ચા પી રહ્યા હતા.

ક્રિસમસની સવાર હતી... આસપાસનાં ફાર્મહાઉસિસમાં થયેલી રેવ પાર્ટીઓ વિશે જાતભાતની ગૉસિપ કરી રહેલા કૉન્સ્ટેબલ્સ ગાડીમાંથી ઊતરતી શ્યામાને જોઈને લગભગ ડઘાઈ ગયા. એનો વનપીસ ડ્રેસ ચૂંથાયેલો હતો. એક સ્ટ્રિપ ખભાથી નીચે ઊતરી ગઈ હતી. વાળ વિખરાયેલા હતા. આંખોની આસપાસ કાળા ડાઘા અને લિપસ્ટિક છેક ગાલ સુધી લંબાયેલી હતી. એ ઉઘાડા પગે જ ગાડીમાંથી ઊતરી. લથડતી ચાલે એ પોલીસ સ્ટેશનમાં દાખલ થઈ અને ત્યાં ઊભેલા બધા જ કૉન્સ્ટેબલ્સ એની પાછળ લગભગ દોડતા પોલીસ સ્ટેશનના બિલ્ડિંગમાં દાખલ થયા.

રાતની ડ્યુટીનો પીઆઇ આખી રાતના પૅટ્રોલિંગ પછી, ક્રિસમસ ઈવની રાતના ઉજાગરા પછી હજી હમણાં જ, દસ મિનિટ પહેલાં ઘેર જવા નીકળ્યો હતો. સવારની ડ્યુટીનો પીઆઇ હજી આવ્યો નહોતો. કૉન્સ્ટેબલ્સ બહાર ઊભા હતા એટલે પોલીસ સ્ટેશનનું આખું બિલ્ડિંગ લગભગ ખાલી હતું. શ્યામાએ દાખલ થઈને બૂમ પાડી, "કોઈ હૈ?"

એની લથડતી ચાલ, વિખરાયેલા વાળ, ચહેરા પરના ડાઘા અને ચૂંથાયેલાં કપડાં પરથી શું થયું હશે એનો અંદાજ લગાવવો અઘરો નહોતો. દોડી આવેલા પાંચ-છ કૉન્સ્ટેબલ્સમાંથી એકે આગળ આવીને શ્યામાને સહાનુભૂતિપૂર્વક કહ્યું, "બાઈ! બસા." અને પછી જોરથી બૂમ પાડી, "લેડી કૉન્સ્ટેબલને બોલાવો."

"મારે ફરિયાદ નોંધાવવી છે, રેપ થયો છે મારા પર." શ્યામાના અવાજમાં ડૂમો હતો, "મારા હસબન્ડને બેરહેમીથી માર્યા છે. હજી બેહોશ છે." એણે કહ્યું. પછી હાથ ઉઠાવીને આંગળી ચીંધી, "ત્યાં... ગાડીમાં છે."

શ્યામાની વાત પૂરી થાય એ પહેલાં બીજા એક કૉન્સ્ટેબલે ઍમ્બ્યુલન્સને ફોન કર્યો. મહિલા પોલીસને બોલાવવાની વ્યવસ્થા કરી... આ બધું ચાલી રહ્યું હતું ત્યાં જ સવારની ડ્યુટીનો પીઆઇ મહાદેવ આઠવલે દાખલ થયો. એની અનુભવી આંખે એક જ સેકન્ડમાં બધું માપી લીધું. એણે સૌથી પહેલાં શ્યામા પાસે જઈને કહ્યું, "આપ અંદર આઈયે." શ્યામા કોઈ ચાવી દીધેલા પૂતળાની જેમ એની પાછળ પાછળ અંદરના રૂમમાં ગઈ, "હું ચેક-અપની વ્યવસ્થા કરું